# Directorate of Pension & Provident Fund

પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકશ્રી ની કચેરી

"વિમા અને લેખા ભવન",
બ્લોક નં. - ૧૮ જુના સચીવાલય,
ડો. જીવરાજ મહેતા ભવન સંકુલ,
ગાંધીનગર - ૩૮૨ ૦૧૦.

"Vima & Lekha Bhavan",
Block No. – 18 Old Sachivalay,
Dr. Jivaraj Mehta Bhavan Complex,
Gandhinagar – 382 010

Fax. (079) 232 53906 Ph. (079) 232 53912

E Mail – dir-ppf@gujarat.gov.in


સત્યમેવ જયતે

પ્રતિ,
વિભાગ ..........(તમામ),
ખાતાના વડા................ (તમામ),

**વિષય** : અધિકારી/કર્મચારીઓને NPS માંથી જૂની પેન્શન યોજનામાં સમાવ્યા અંગેનો હુકમ ઈ-સરકારમાં મોકલવા બાબત.

**સંદર્ભ** : (૧) નાણાં વિભાગનો ઠરાવ ક્રમાંક : નવપ-૧૦/૨૦૨૦/ઓ-૬૪૦/પી, તા. ૦૮/૧૧/૨૦૨૪

(૨) નાણાં વિભાગનો ઠરાવ ક્રમાંક : નવપ-૧૦/૨૦૨૦/ઓ-૬૪૦/પી, તા. ૧૬/૦૪/૨૦૨૫

(૩)અત્રેની કચેરીનો Letter No. DPPFG/0282/12/2025 તા.૦૪/૦૨/૨૦૨૬

(૪) અત્રેની કચેરીનો Letter No. DPPFG/0144/03/2026 તા.૧૧/૦૩/૨૦૨૬

**શ્રીમાન,**

અત્રેની કચેરીના સંદર્ભ (૩) માં દર્શાવેલ પત્રથી તમામ વિભાગો અને ખાતાઓના વડાઓને તેઓના તાબાના કર્મચારીઓ/અધિકારીઓને નાણા વિભાગના સંદર્ભ (૧) અને (૨)ના ઠરાવ અન્વયે જૂની પેન્શન યોજનામાં સમાવ્યા બાબતના **હુકમો** ઈ-સરકારમાં કરી અત્રેની કચેરીને મોકલી આપવા અંગે જણાવેલ હતું, તથા જે કચેરીમાં ઈ-સરકાર ઉપલબ્ધ ન હોય તેઓના ખાતાના વડાની કચેરી / વિભાગ મારફત સદર **હુકમ** ઈ-સરકારમાં અત્રેની કચેરીને મોકલી આપવા અંગે જણાવેલ હતું. અને જે કચેરીમાં ઈ-સરકાર ઉપલબ્ધ હોય તે કચેરી દ્વારા શક્ય હોય તો **સંપુર્ણ દરખાસ્ત** ઈ-સરકારમાં મોકલી આપવા જણાવેલ હતું.

વધુમાં અત્રેની કચેરીના સંદર્ભ (૪) માં દર્શાવેલ પત્રથી અધિકારી/કર્મચારીઓને NPS માંથી જૂની પેન્શન યોજનામાં સમાવ્યા અંગેનો હુકમ /**સંપુર્ણ દરખાસ્ત** જરૂરી વિગતવાર સાધનિક રેકર્ડ સાથે અત્રેની કચેરીના ઈ-સરકાર લોગીન **da1-registry-dppf** માં મોકલી આપવા અંગે જણાવેલ હતું, પરંતુ નાણાં વિભાગના સંદર્ભ (૧) અને (૨)ના ઠરાવ મુજબ પાત્રતા ધરાવતા કોઈ કર્મચારી /અધિકારી નિવૃત થઈ ગયેલ હોય અને તેઓના **PRAN** ખાતામાં જમા રકમનું આખરીકરણ (ચુકવણું) થયેલ હોય / થયેલ ન હોય તેવા કિસ્સામાં અત્રેની કચેરી ખાતે રજુ થતી દરખાસ્તોમાં સામેલ રાખવાના જરૂરી સાધનિક રેકર્ડ અંગે અત્રેની કચેરીના સંદર્ભ (૪) માં જણાવવાનું બાકી રહી ગયેલ હતું, જે બાબતે સદર પત્ર પુન: પાઠવવામાં આવે છે, જે ધ્યાને લેવા વિનંતી છે.

આથી તમામ વિભાગ તેમજ ખાતાના વડાઓને તેમજ સંલગ્ન તમામ કચેરીઓને વિનંતી સહ જણાવવામાં આવે છે કે, **તા.૧૬/૦૩/૨૦૨૬** બાદ નાણાં વિભાગના તા.૦૮/૧૧/૨૦૨૪ તથા તા.૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવ મુજબ નવી વર્ધિત પેન્શન યોજનામાંથી જૂની પેન્શન યોજનામાં સમાવ્યા અંગેની અત્રેની કચેરી ખાતે રજૂ થતી દરખાસ્તો અન્વયેના હુકમો ઈ-સરકારમાં મોકલવાના રહેશે અન્યથા દરખાસ્ત ક્ષતિપુર્તતા અર્થે પરત મોકલવામાં આવશે. અને જે કચેરીમાં ઈ-સરકાર ઉપલબ્ધ હોય તે કચેરી દ્વારા સંપુર્ણ દરખાસ્ત ઈ-સરકારમાં મોકલી આપવા વિનંતી છે. (સદર હુકમ / દરખાસ્ત અત્રેની કચેરીના ઈ-સરકાર લોગીન **da1-registry-dppf** મોકલી મોકલી આપવાના રહેશે)

ઉક્ત દરખાસ્ત સાથે નીચે જણાવેલ દસ્તાવેજ સામેલ રાખવાના રહેશે :-

- કચેરીના NPS માંથી GPF ફંડ ટ્રાન્સફર કરવા અંગેનો ફોરવર્ડીંગ લેટર જેમાં PRAN/PPAN નંબર અચૂક દર્શાવેલ હોવા જોઈએ.
- વિભાગ/ખાતાના વડા દ્વારા જૂની પેન્શન/સામાન્ય ભવિષ્ય નિધિ (GPF) માં સમાવેશ કરવા અંગેનો કરેલ વિગતવાર સ્પષ્ટ હુકમ સામેલ રાખવો.
- નાણાં વિભાગની મંજુરીથી વિભાગ/ખાતાના વડા દ્વારા જૂની પેન્શન / સામાન્ય ભવિષ્ય નિધિ (GPF) માં સમાવેશ કરવા અંગેનો કરેલ વિગતવાર સ્પષ્ટ હુકમ સામેલ રાખવો.(કર્મચારી/અધિકારી નાણાં વિભાગના તા.૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવના મુદા નં.બ(૩)(ગ) મુજબ પાત્રતા ધરાવતા હોય તો)
- સામાન્ય ભવિષ્ય નિધિ (GPF) નંબર ફાળવ્યા અંગેનો હુકમ સામેલ રાખવો.
- કર્મચારીની પાત્રતા નાણાં વિભાગના તા.૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવના મુદા નં. બ(૩)(ક), (ખ) મુજબ છે કે બ(૩)(ગ) મુજબ છે તે અંગેનું સક્ષમ સત્તાધિકારીશ્રીનું પ્રમાણપત્ર/સ્પષ્ટતા સામેલ રાખવી.
- નિવૃત થયેલ કર્મચારી/અધિકારી હયાત હોય અને તેઓના **PRAN** ખાતામાં જમા રકમનું આખરીકરણ(ચુકવણું) થયેલ ન હોય તેવા કિસ્સામાં વય નિવૃત્તિનો હુકમ સામેલ રાખવો.
- કર્મચારી/અધિકારી વય નિવૃત્તિ બાદ અવસાન પામેલ હોય અને તેઓના **PRAN** ખાતામાં જમા રકમનું આખરીકરણ(ચુકવણું) થયેલ ન હોય તેવા કિસ્સામાં વય નિવૃત્તિનો હુકમ તેમજ અવસાનનું પ્રમાણપત્ર (મરણનો દાખલો)

સામેલ રાખવુ.

- નિવૃત થયેલ કર્મચારી/અધિકારી હયાત હોય/વય નિવૃત્તિ બાદ અવસાન પામેલ હોય અને તેઓના**PRAN** ખાતામાં જમા રકમનું આખરીકરણ(ચુકવણું) થઈ ગયેલ હોય તેવા કિસ્સામાં નાણાં વિભાગના તા.૧૬/૦૪/૨૦૨૫ના ઠરાવમાં દર્શાવેલ પત્રક-ક (B) / (D) મુજબ કાર્યવાહી કરવાની રહેશે.

વધુમાં જણાવવાનું કે, જે કચેરી દ્વારા ફક્ત હુકમ જ અત્રેની કચેરીને ઈ-સરકારમાં મોકલી આપેલ હોય અને દરખાસ્ત અત્રેની કચેરીને રુબરૂ અથવા ટપાલ મારફતે મોકલવામાં આવે તેવા કિસ્સામાં દરખાસ્તના ફોરવર્ડીંગ લેટરમાં જે હુકમ અત્રેની કચેરીને ઈ-સરકારમાં મોકલી આપેલ હોય તેનો ઈ-સરકારનો e-tapal number / reference number અને તારીખ દર્શાવવાની રહેશે.

આપની વિશ્વાસુ,

(નાયબ નિયામક)
એન.પી.એસ.

નકલ રવાના:-

૧. જિલ્લા તિજોરી અધિકારીશ્રી, જિલ્લા તિજોરી કચેરી, ......... (તમામ) (તમામ ઉપાડ અને વહેંચણી અધિકારીશ્રીને જાણ કરવા સારુ તથા બહોળી પ્રસિદ્ધિ સારુ)
૨. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી, ........... (તમામ)
૩. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરી, ........... (તમામ)

ignature valid
gned by:SAMIKSHA
ANSHUKHBHAI DABSANIYA
puty Director
te:2026.03.25
:58:09 +5:30